Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# "આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા વાવનું ઐતિહાસિક અધ્યયન"

## ❖ પ્રસ્તાવના

બનાસકાંઠા જીલ્લામાં અનેક ધર્મ પાળતી પ્રજા હોવા છતાં તેઓ વસૂધેવકુટુમ્બકમની ભાવના થકી સંપીને રહે છે. તેમાં હિંદુ, મુસ્લિમ, જૈન, પારસી વગેરે અનેક ધર્મના લોકો વસવાટ કરે છે. બનાસકાંઠા જીલ્લો એક સમયે સમૃદ્ધ શ્રેષ્ઠીવાન લોકોની નગરી હતું. તેનો ઈતિહાસ ભવ્ય છે. ભારત સ્વતંત્ર થયું એ પહેલા રજવાડાં હતાં, જેમાં વાવનો પણ સમાવેશ થતો હતો. બનાસકાંઠા જીલ્લામાં "વાવ" આગવું અને અગત્યનું ઐતિહાસિક સ્થાન ધરાવે છે. વાવની ધરતી પર અનેક સંતો, કવિઓ, વીરયોદ્ધાઓ, જાગીરદારો, દાતારો વગેરે લોકોએ જન્મ લીધા હતા.

પ્રાચીન સમયમાં હાલના ઉતર ગુજરાતનો ભાગ "**આનર્ત**" તરીકે ઓળખાતો હતો. આ "આનર્ત" પ્રદેશમાં બનાસકાંઠા જીલ્લાનો સમાવેશ થતો હતો. ગુજરાતના લોકનૃત્યોમાં '**મેરાયો**' નો સમાવેશ થાય છે. આ 'મેરાયો' વાવ-થરાદના ઠાકોરોનું લોકનૃત્ય છે. આ લોકનૃત્ય મોટે ભાગે ભાઈ-બીજ ના રોજ વાવ-થરાદમાં મેળા ભરાય છે ત્યારે આ લોકનૃત્ય રમવામાં આવે છે. ભાઈ બીજ ના રોજ થરાદના સવપુરા, મોટીપાવડ, લુણાલ, ઝેંટા, ડોડગામ, વાવના ઉચપા, લીંબાળા વગેરે ગામોમાં આ મેળાઓ યોજાય છે. ત્યારે આ લોકનૃત્ય કરવામાં આવે છે.

## ❖ વાવ નો ઈતિહાસ

વાવ-થરાદ ના બારોટો જેને હોંશભેર હિંદવાણીના નામથી ઓળખાવે છે. તેનો ઈતિહાસ પૃથ્વીરાજ ચૌહાણ સુધી પહોચે છે. વાવ પરગણાની સ્થાપના પૂર્વે આ પ્રદેશ ઉજ્જડ હતો. મોટા ભાગના ગામડા થરાદ સ્ટેટના તાબામાં હતા. થરાદ અને વાવ જાણે જોડી હોય એમ સંયુક્ત રીતે "વાવ-થરાદ" બોલાય છે, કારણ કે બંનેનો ઈતિહાસ પૃથ્વીરાજ ચૌહાણ સુધી પહોચે છે. ભારત દેશના પશ્ચિમભાગ માં આવેલા ગુજરાત રાજ્યના બનાસકાંઠા જીલ્લામાં વાવ આવેલું છે. વાવ ગુજરાતમાં સરહદ પર આવેલું છે. તે આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવે છે.

## ❖ વાવની સ્થાપના

ચૌહાણોએ દિલ્હી છોડી દીધા પછી શાકંભરી (અજમેર) અને નાડોલ (ગઢ) માં વસ્યા હતા. ત્યાંથી એક વારસ સર ગોગલજી (પિતાશ્રી- રતનસિંગ) ના પરાક્રમથી ખુશ થયેલ પાટણ રાજવી સિદ્ધરાજ જયસિહે (૧૦૯૪-૧૧૪૨) થરાદ પ્રદેશ તેમના જમાઈ સરગોગલજી ને ભેટ સ્વરૂપે આપ્યો અને ત્યારથી ચૌહાણો થરાદ-વાવમાં આવીને વસ્યા.

સરગોગલજી ના પિતાશ્રી રાવ રતનસિંગ ની સાતમી પેઢીએ રાવપુજાજી થઈ ગયા. રાવ પુજાજી અને મુસ્લિમો (દિલ્હી) વચ્ચે ઈ.સ.૧૩૧૨ (વિક્રમ સંવત – ૧૩૬૮) માં યુદ્ધ થતાં રાવપુજાજી ના સઘળા કુટુંબીજનો

મૃત્યુ પામ્યા હતા. પરંતુ પુજાજીની સગર્ભા રાણી સોઢીજી થરાદ થી નાસી જાય છે અને દીપા થુંબડાની ટેકરી પર દીપા ભીલ ને ત્યાં આશરો મેળવે છે. દીકરાનો જન્મ થતાં તેનું નામ વજાજી રાખવામાં આવે છે.દીપા ભીલને ત્યાં સોઢી રાણીને રાખવા જોખમકાર હોવાથી પિયર પારકર માંથી વીરવાવ ડાભલિયા વાસમાં આવીને રહે છે. જેસલમેરના મહારાવલજીને ખબર પડે છે કે થરાદના ચૌહાણ પુજાજીનો પુત્ર વજાજી સુઇગામમાં ઉછરી રહ્યો છે અને તેને પિતાશ્રી નું રાજ્ય પાછું મેળવવા માટે મદદની જરૂર છે. મહારાવજી એ બાળક વજાજી ને મદદ કરવાને ઈરાદે તેની દીકરીનું સગપણ કરવા માટે નારીયેલ (શ્રીફળ) મોકલે છે. સોનાનું નારીયેલ સોઢી રાણી સ્વીકારી લે છે પરંતુ જાન લઇ જેસલમેર સુધી જઇ શકે તેમ ન હોવાથી જેસલમેર રાજવી મહારાવલજી પોતાની પુત્રીને મોકલાવે છે. કુંવરી  જયારે અહીં આવે છે ત્યારે લગ્ન મુર્હત ચાલ્યું ગયું હોવાથી ફરીથી મુર્હુત જોવરાવ્યું તે છ મહિના પછી આવતું હોવાથી કુંવરી વાવની પૂર્વ દિશામાં મુકામ કરે છે. કુંવરીને છ મહિના સુધી રહેવાનું હોવાથી નામ અમર થાય એ હેતુથી ત્રણ વાવો બંધાવે છે. તેમાંથી એક વાવ હાલ હિંગળાજ માતાના મંદિર પાસે પૂર્વ તરફ આવેલ છે. જયારે અન્ય બે વાવો લખમગીર બાવાની મઢીની બાજુમાં આવેલ છે. ત્યાંથી પસાર થતા વટેમાર્ગુઓ આ સ્થળને ‘કુંવરીની વાવ’ તરીકે ઓળખવા લાગ્યા હતા.

આમ કાળક્રમે કુંવરીની વાવને બદલે એકલું જ **“વાવ”** નામ રહ્યું છે. આમ પ્રાચીન સમયની વાવ માંથી વાવ નામ અવતરી આવ્યું છે. આ સ્થળે વજાજી એ કસ્બો બાંધ્યો હતો અને વાવમાં રાજગાદી સ્થાપી હતી. વાવમાં ચૌહાણ વંશજોની જાગીરી હતી.

**“સંવત સૈકા તેરમે નગર વસાવ્યું વાવ,**
**પ્રસિદ્ધ થઈ વજાજીએ લઈશું શુભ મુર્હત લાવ”**

❖ **આબોહવા**

વાવ તાલુકો રણની કાંધીએ આવેલો હોઈ ઉનાળામાં ‘લૂ’ વાય છે. અને શિયાળામાં સખત ઠંડી પડે છે. કચ્છના રણથી શરુ કરીને બનાસકાંઠાના રણ સુધીના થરાદ-વાવ, સાંતલપુર, વારાહીના વિસ્તારને ‘રણવિસ્તાર’ તરીકે ઓળખવામાં આવે છે. આ રણને “ગોઢા” ના રણ તરીકે ઓળખવામાં આવે છે.

❖ **પ્રાચીન અર્થતંત્ર**

વાવ દરિયાકિનારે આવેલું હતું. આ પ્રદેશ હડપ્પા સંસ્કૃતિના સમયમાં આખો પ્રદેશ ખુબ સમૃદ્ધ હતો. આ પ્રદેશમાં કેટલાક બંદરો હતા. ત્યાંથી વિદેશ સાથે વ્યાપાર ચાલતો હતો. આવા બંદરોના ઉલ્લેખમાં વાવ તાલુકાના ‘બેણપ’ ગામનો ઉલ્લેખ મળે છે. બેણપને “બેનાતટ બંદર” તરીકે ઓળખવામાં આવતું હતું. બેણપ ગામથી સમુદ્રકિનારાના કેટલાક અવશેષો મળી આવ્યા છે. ઈ.સ. પૂર્વે ૨૪૦૦ માં હડપ્પા સંસ્કૃતિના સમયમાં બેણપ ગામના બંદરેથી ઈરાન, ઈજિપ્ત, દક્ષિણ ભારત વગેરે સાથે વ્યાપાર ચાલતો હતો. વાવના વિષમ વાતાવરણમાં અને ખારાપાણીને કારણે અહીંના લોકો ચોમાસામાં જ ખેતી કરે છે. અહીંનું અર્થતંત્ર મુખ્યત્વે ખેતી અને વેપાર સાથે સંકળાયેલ છે. અહીંનો  મુખ્ય વ્યવસાય ખેતી છે. સોમનાથ મહાદેવને ચડાવવા માટેના કાશ્મીરથી કમળ આવતા હતા તે વાવ-થરાદ ના ખુશ્કી માર્ગે થી પસાર થતા હતા.

❖ **લોકનૃત્ય : મેરાયો**

ગુજરાતના લોકનૃત્યોમાં 'મેરાયો' નો સમાવેશ થાય છે. આ 'મેરાયો' વાવ-થરાદના ઠાકોરોનું લોકનૃત્ય છે. મેરાયો રમવાની શરૂઆત દૈયપ ગામના ઠાકોરોએ કરી હતી. આ લોકનૃત્ય મોટે ભાગે ભાઈ-બીજ ના રોજ વાવ-થરાદમાં મેળા ભરાય છે ત્યારે આ લોકનૃત્ય રમવામાં આવે છે. ભાઈ બીજ ના રોજ થરાદના સવપુરા, મોટીપાવડ, લુણાલ, ઝેંટા, ડોડગામ, વાવના ઉચપા, લીંબાળા વગેરે ગામોમાં આ મેળાઓ યોજાય છે. ત્યારે આ લોકનૃત્ય કરવામાં આવે છે.

❖ **મુખ્ય પાકો**

વાવમાં ચોમાસા દરમિયાન બાજરી, ગવાર, તુવેર, મગ, જુવાર, તલ વગેરે પાકો લેવામાં આવે છે. આ ઉપરાંત નર્મદા નહેરના લીધે સિંચાઈની શરૂઆત થવાથી શિયાળામાં ઘઉં, એરંડા(દીવેલા), જીરું, સરસવ,ઇસબગુલ, વરીયાળી કઠોળમાં મગ, ચોળા, ચણા વગેરે પાકો લેવામાં આવે છે.

❖ **વાવના મહત્વના ધાર્મિક સ્થળો**

- **ધરણીધર મંદિર -ઢીમા**

બનાસકાંઠાના "મીની દ્વારકા" તરીકે પ્રખ્યાત ઢીમા ગામમાં ભગવાન ધરણીધરનું મંદિર આવેલું છે. ઢીમા પ્રાચીન સમયમાં વારાહક ક્ષેત્ર તરીકે ઓળખાતું હતું. આ ધરણીધર મંદિરને તોડવા માટે અલાઉદીન ખીલજીએ પ્રયત્ન કર્યો હતો. તેના પુરાવાઓ મળે છે.

**"ઢીમા ઢીમણનાગ ધગધુણી ઢીલો કર્યો,**
**ઉપર આવ્યો અસુર, હારીને પાછો ફર્યો."**

વાવમાં માણસોના જ નહિ, બળદો અને પશુના મેળા ભરાય છે. ઢીમામાં ધૂળેટી અને નવાણીનો મેળો ખુબ આકર્ષક છે. કાંકરેજી ઓલાદની ગયો, બળદો ના પિયર એવા ઢીમા ગામે પશુઓના (બળદોના) સૌથી મોટા મેળા ભરાતો હતો પરંતુ છેલ્લા કેટલાક સમયથી આ મેળો બંધ થઈ ગયો છે.

- **વિશ્વકર્મા મંદિર-ઢીમા**

પૃથ્વીના રચિયતા "ગોડ ઓફ આર્કિટેક" વિશ્વકર્મા ભગવાનના બે મંદિરો ઢીમા ગામે આવેલ છે. સુથાર સમાજ દ્વારા બે મંદિરો બાંધવામાં આવ્યા છે. મહાસુદ ૧૩(તેરસ) ના દિવસે "વિશ્વકર્મા જયંતી" હોઈ અહીં મોટી સંખ્યામાં સુથાર સમાજ ઉપસ્થિત રહે છે.

- **લખાપીર મંદિર - ખીમાણાવાસ**

આજથી ૫૦૦ વર્ષ પૂર્વે ગોહિલકુળમાં લખાપીર થઇ ગયા છે. લખાપીરના બે સ્થાનો છે. ૧.ખીમાણાવાસ ૨.અસારા (તા.વાવ) ના 'સમલી'માં છે.

**"પીર લખો અવતાર, માર કાંઠાનો કિરતાર**
**ધરમના ધીંગાણે ચડીયો નકળંગી અવતાર**

- **નડેશ્વરી માતાજી મંદિર-નડાબેટ**

સુઈગામથી દુર આંતરરાષ્ટ્રીય સરહદ નજીક આવેલ નડાબેટમાં નડેશ્વરી(વડેચી,વરૂડી) માતાજીનું મંદિર આવેલું છે. ભારતનું આ બીજા નંબરનું મંદિર છે કે જ્યાં લશ્કરના જવાનો પૂજા કરે છે. આ સરહદ પર હજુ સુધી કોઈ આક્રમણ પાકિસ્તાન તરફથી થયેલ નથી તે આ પ્રદેશની વિશેષતા છે.

**"નડાબેટ ધામે ધર્મ ધજા ફરકે તારી**
**સિંધના સરહદે બિરાજે વરવડી હે માં"**

- **મૂળેશ્વર મહાદેવ-પાડણ**

વાવ તાલુકાના પાડણ ગામે પાટણ રાજવી મુળરાજ સોલંકીએ મૂળરાજેશ્વર મહાદેવનું મંદિર બંધાવ્યું હતું. તે મંદિરની રચના સાદી છે, પણ શિખર રચના ખુબજ મહત્વની છે.

- **કપિલેશ્વર મહાદેવ**

આ મંદિર પાંડવોના સમયનું છે. પાંડવોના સમયમાં કપિલમુનીએ પાંડવોની આજ્ઞાથી ભગવાન શિવની પૂજા કરી હતી અને તેઓએ શિવની સ્થાપના કરી હતી. આ પ્રદેશને પ્રાચીન સમયમાં 'હિડિમ્બા વન' કે 'કપિલાનું વન' તરીકે ઓળખવામાં આવતું હતું.

❖ **વાવ ના સ્વાતંત્ર્ય સેનાનીઓ**

(1) શ્રી વિરજીભાઈ ભગવાનભાઈ પટેલ
મુ. ઉચોસણ તા.વાવ

(2) શ્રી ગુણવંતરાય કાલીદાસ મહેતા
મુ.વાવ (છેલ્લા સ્વાતંત્ર્ય વીર)

(3) શ્રી નારાયણસ્વામી ગુરુ હંસસ્વામી
મુ. દુદોસણ તા. વાવ

(4) શ્રી જેતશીભાઇ માદેવભાઇ પટેલ
મુ. જેલાણા તા. વાવ

❖ **ઉપસંહાર**

વાવ એ પ્રાચીન સમયમાં રજવાડું હતું. તા.૦૧/૦૫/૧૯૬૦ ની સ્થિતીએ બનાસકાંઠા જીલ્લો બનાસ નદીની બંને બાજુ આવેલ હતો. ૧૯૪૮ માં પાલનપુર, રાધનપુર, દાંતા, થરાદ, વાવ, દિયોદર ની જાગીરો તથા એજન્સીના ગામોના વિલીનીકરણથી બનાસકાંઠા જીલ્લો અસ્તિત્વમાં આવ્યો. આમ વાવનો ઈતિહાસ જુનો છે. અહીના મંદિરો અનોખો ઈતિહાસ સાચવી રાખેલ છે. પાંડવો તેમના વનવાસ દરમિયાન અહીંના અનેક વિસ્તારો માં રહેલા છે. જ્યાં જ્યાં મીઠા પાણીનું ઝરણું ખાસ કરીને રણવિસ્તારમાં નીકળતું હોય તે એ અર્જુનના બાણથી વહેતું થયું હોવાની લોકવાયકા છે. આમ વાવનો ઈતિહાસ પાંડવકાલીન સમય સુધી લંબાય છે. તે સમયમાં વાવ પ્રદેશ ઉજ્જડ હતો.આમ, વાવ ઈતિહાસમાં આગવુ અને ઐતિહાસિક સ્થાન ધરાવે છે. વાવનાં મંદિરો પ્રાચીન છે. ગુજરાતના લોકનૃત્યોમાં સમાવેશ પામેલ મેરાયો વાવનું લોકનૃત્ય છે. વાવમાંથી સ્વાતંત્ર્ય સંગ્રામમાં પણ યુવાનોએ ભાગ લીધા હતા.

## સંદર્ભસૂચી


I. આચાર્ય કનુભાઈ – બનાસની અસ્મિતાનો ઉન્મેષ નવભારત સાહિત્યમંદિર આમદાવાદ 2008

II. રબારી જોરાભાઈ – વાવ-થરાદ ના ધાર્મિક સ્થળો એમ.ફીલનો અપ્રગટ લઘુશોધનિબંધ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ વર્ષ -2015-16


## ઉદેશ્ય

I. આ સંશોધન માટે જેમાંથી વાવની માહિતી મળી છે તે બંન્ને પુસ્તકોનું સંકલન કરી અને ખુટતી રૂબરૂ મુલાકાતો લઈને પૂર્ણ કરવાનો પ્રયાસ કર્યો છે.

II. વાવ વિસ્તારના ઈતિહાસનું સંશોધન કરી પ્રજા ટુંકસાર સમજી શકે તે હેતુંથી આ લેખ લખવામાં આવ્યો છે.

III. વાવના પ્રાચીન ઈતિહાસમાંથી પ્રજા કંઈક શિખે તેવો પ્રયાસ છે.

IV. આ, ઉપરાંત મેરાયો લોકનૃત્યનો ઉદભવ ક્યાં? કઈ જગ્યા અને કયારે રમવામાં આવે છે તેનાથી માહિતગાર કરવાનો છે.

*************************************************************************************


**પ્રકાશકુમાર ગણપતભાઈ સુથાર**

અનુસ્નાતક વિદ્યાર્થી

શ્રી & શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ

પાટણ


Copyright © 2012 - 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat